## સાદગી

ઘોર અંધારામાં મધરાતે જે ભટકાયો હતો,
ભર બપોરે ગુમ થયેલો મારો પડછાયો હતો!

હાથ તેં ઊંચો કર્યો'તો આવજો કહેવા, અને,
લાલ પાલવ કોઈનો અધવચ્ચે લહેરાયો હતો!

એ ખરો ખોટો હતો, એ તો પછી સાબિત થયું,
એક જણ મૃત્યુ પછી લોકોને સમજાયો હતો!

આ અજાણ્યા શ્હેરમાં પણ ઓળખે છે સૌ મને,
એ હદે ક્યારે વગોવાયો કે પંકાયો હતો?

જો પતંગિયું હોલવી દેતે તો દુઃખ થાતું મને,
મારો દીવો સીધો વાવાઝોડે ટકરાયો હતો!

ભીંત ફાડીને ઊગ્યો છું પીપળાની જેમ હું,
હું વળી ક્યાં કોઈના ક્યારામાં રોપાયો હતો!

પર્વતો કૂદી જનારો સ્હેજમાં ભાંગી પડ્યો,
આ વખત એ કોઈની પાંપણથી પટકાયો હતો.

હું ખલીલ, આજે મર્યો છું, એ પ્રથમ ઘટના નથી,
જિન્દગીભર હફ્તે હફ્તે રોજ ચૂકવાયો હતો!

■

## સાદગી

ક્યાં પવન પર સવાર થાવું છે,
મારે બસ સામે પાર થાવું છે.

તું જ રસ્તો ને તું જ સેતુ બન,
તારા પરથી પસાર થાવું છે.

તારી પાસે ક્યાં પામવું છે કશું,
તારી પાછળ ખુવાર થાવું છે.

તું જ આવીને પ્રેમથી ખોલે,
એ મુજબ બંધ દ્વાર થાવું છે.

કોઇના કાળજા સુધી પહોંચું,
એટલું ધારદાર થાવું છે!

તીર મારી કમાનમાં પણ છે,
તોય મારે શિકાર થાવું છે.

તોડે અથવા તિરાડ પાડી દે,
એ ગજાનો પ્રહાર થાવું છે.

એ જ તોડે રિવાજ જ્ઞાતિનો,
જેમને નાતબા'ર થાવું છે.

મોતથી દૂર ગમે ત્યાં ભાગો,
રૂબરૂ એકવાર થાવું છે.

એકડેએકમાંથી નીકળીને,
એક બે ત્રણ ને ચાર થાવું છે.

કોણ લૂંછે ખલીલ અશ્રુઓ,
કોઈને ક્યાં ઉદાર થાવું છે!

■

તારી સામે જે દિવસ ઝાંખો પડ્યો છું હું મને,
આયનાની રૂબરૂ જાતે લડ્યો છું હું મને.

ક્યાંક શત્રુઓ નડ્યા છે, ક્યાંક મિત્રો પણ નડ્યા,
જ્યાં કશું નડતર નહોતું ત્યાં નડ્યો છું હું મને !

જ્યાં ગુમાવો, ત્યાં જ શોધો, એ હવે સાચું પડ્યું,
આખરે તારા જ ફળિયેથી જડ્યો છું હું મને.

પાનખરમાં ને વસંતમાં ફેર શું એ જાણવા,
તમને અડકીને પછી ખુદને અડ્યો છું હું મને.

હું ખલીલ આ દિલને સાચવવામાં લૂંટાઈ ગયો,
છેલ્લાં બે ત્રણ વર્ષોમાં મોંઘો પડ્યો છું હું મને.

■

સાદગી

કોઈ આવે ને મને મારામાંથી છૂટો કરે,
કોક પંચાયત ભરીને ક્યાંક તો રસ્તો કરે.

માત્ર એક ભીનો દિલાસો ને બધું મ્હોરી ઊઠે,
કોણ આ રેતાળ આંખો ભીંજવે દરિયો કરે.

એમ ના માનો, હંમેશાં હોલવી નાખે પવન,
કોઈ દિ' દીવાને છંછેડે અને ભડકો કરે.

શત્રુઓ પણ એવી ઊંચી જાતના શોધું છું હું,
હું પડું તો હાથ ઝાલીને મને ઊભો કરે.

જા હવે ફૂલો ચડાવી આવ શરમાવાનું શું ?
બે ઘડી છો ને કબરમાં લાશ પણ જલસો કરે.

તું અગર મારી ગઝલને ગણગણે એકાંતમાં,
ખુદ રદીફ તબલાં વગાડે, કાફિયા મુજરો કરે.

તૂટશે મંદિર કે મસ્જિદ તો તરત ઊભાં થશે,
માનવી ભાંગી પડે તો કોઈ ના બેઠો કરે.

હું ખલીલ એકાંતમાં ઝંખું છું એવા મિત્રને,
મારા અણગમતા સમયને આવીને ગમતો કરે.

■

# સાદગી

મોજ મસ્તી તાજગી, મારા વિના ક્યારે હતી?
આવી ઝાકમઝોળ આ તારી સભા ક્યારે હતી?

આપણા કર્તવ્યમાં નક્કી કોઈ ખામી હશે,
કોઈ પણ માબાપની જૂઠી દુવા ક્યારે હતી?

હું ય ક્યાં ફૂલોની માફક કોઈ દિ' ખીલી શક્યો,
તું ય પણ ખુશબૂની માફક બેવફા ક્યારે હતી!

એણે શ્વાસોમાં જ વાવાઝોડું સંતાડ્યું હશે,
હા, નહિતર આવી ભારેખમ હવા ક્યારે હતી?

સંત અથવા માફિયા માટેના છે જલસા બધા,
આપણા માટે તો આવી સરભરા ક્યારે હતી!

આંખ ભીની ના થવાની શરતે રડવાનું કહ્યું,
કોઈ પણ કાનૂનમાં આવી સજા ક્યારે હતી!

રમતાં રમતાં મેં ગુજારી છે ખલીલ આ જિન્દગી,
મારી કોરી આંખમાં ભીની વ્યથા ક્યારે હતી?

■

# સાદગી

બેઉ કાંઠે બાથ ભરવા આવ તું,
હું નદી છું, આવ તરવા આવ તું.

માત્ર તારી હાજરી પૂરતી છે બસ,
ખાલી અમથું નામ કરવા આવ તું.

ભાર લાગે છે હવે આંખોને પણ,
આ વખત દિલમાં ઊતરવા આવ તું.

માણવી હો રોજ નવતર જિન્દગી,
મારી માફક રોજ મરવા આવ તું.

રોજ એ મળવા ખલીલ આવે છે પણ,
કોઈ દિ’ કે’ છે કે ફરવા આવ તું!

■